RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 195 *Date: 06.05.2025,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગાંધીનગર જિલ્લામાં સામાન્ય પ્રવાહનું ૯૫.૨૭% અને વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧% પરિણામ જાહેર




ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહનું રાજ્યનું ૮૩.૫૧ % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું ૮૩.૯૩ ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં ૪ હજાર ૧૪૬ વિધાર્થીઓમાંથી ૪ હજાર ૧૩૭ વિદ્યાર્થીઓએ ધોરણ - ૧૨ સાયન્સની પરીક્ષા આપી હતી. જેમાં છ - ૧ ગ્રેડ માત્ર ૧૭ વિધાર્થીઓ જ હાંસલ કર્યો છે. ઉલ્લેખનિય છે કે ગત વર્ષે જિલ્લામાં ધોરણ ૧૨ સાયન્સમાં ૪૬૨૦ પરીક્ષાર્થીઓમાંથી ૨૫ વિદ્યાર્થીએ છ-૧ ગ્રેડ હાંસલ કર્યો હતો. અને જિલ્લાનું ગત વર્ષે ઓવરઓલ પરિણામ ૮૧.૬૦ ટકા આવ્યું હતું.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સત્તાવાર રીતે ધોરણ - ૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહનું એકસાથે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા ફેબ્રુઆરી માર્ચ દરમ્યાન યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં ૪૧૪૬ વિધાર્થીઓ નોંધાયેલ હતા. જેની સામે ૪૧૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી છ ૧ ગ્રેડ માત્ર ૧૭ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે છ૨- ૨૫૩, મ્૧- ૬૨૮, મ્૨-૮૩૩, ઝ૧- ૮૬૭, ઝ૨-૭૦૫, ઢ-૧૬૮ તેમજ ઈ૧-૧ વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે. જ્યારે ઈમ્પ્રૂવમેન્ટ જરૂરિયાત વાળા (ઢ઼ં) ૬૭૪ વિધાર્થીઓ છે. આમ ઓવરઓલ ગાંધીનગર જિલ્લાનું ૮૩.૯૩ ટકા પરિણામ આવ્યું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહનું રાજ્યનું ૯૩.૦૭ % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું ૯૫.૨૭ ટકા પરિણામ જાહેર કરાયું છે. જીલ્લામાં ૧૧ હજાર ૩૭૬ વિધાર્થીઓમાંથી ૧૧ હજાર ૩૧૧ વિદ્યાર્થીઓએ ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં છ - ૧ ગ્રેડ ૧૩૦ વિધાર્થીઓ હાંસલ કર્યો છે. ઉલ્લેખનિય છે કે ગત વર્ષે જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૪.૧૦ ટકા પરિણામ જાહેર થયું હતું.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સત્તાવાર રીતે ધોરણ - ૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહનું એકસાથે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની વાત કરીએ કરીએ તો જિલ્લામાં ૧૧૩૭૬ વિધાર્થીઓ નોંધાયેલ હતા. જેની સામે ૧૧૩૧૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી છ ૧ ગ્રેડ ૧૩૦ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે છ૨- ૧૨૧૬, મ્૧-૨૬૧૮, મ્૨- ૩૧૫૧, ઝ૧-૨૫૯૪, ઝ૨- ૯૯૮, ઢ-૬૮ તેમજ ઈ૧-૧ વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે.

## ગાંધીનગરને મળશે નવા ચીફ ફાયર ઓફિસર:અમદાવાદના ડિવિઝનલ ફાયર ઓફિસર ઓમ જાડેજાએ ૠજીઝ પરીક્ષામાં પ્રથમ ક્રમ મેળવ્યો

ગાંધીનગર મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર તરીકે ઓમ જાડેજાની નિમણૂક લગભગ નિશ્ચિત થઈ રહી છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (ૠજીઝ) દ્વારા લેવાયેલી પરીક્ષામાં તેમણે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. હાલમાં તેઓ અમદાવાદ ફાયર બ્રિગેડમાં ડિવિઝનલ ફાયર ઓફિસર તરીકે સેવા આપી રહ્યા છે.

ૠજીઝ દ્વારા લેવાયેલી લેખિત પરીક્ષામાં ૧૦ ઉમેદવારો સફળ થયા હતા. તેમાંથી ૪ ઉમેદવારો અપૂરતા દસ્તાવેજોને કારણે અયોગ્ય ઠર્યા હતા. બાકીના ૬ ઉમેદવારોની મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. ઓમ જાડેજાએ શારીરિક કસોટીમાં ૨૯.૪૦ અને ઈન્ટરવ્યૂમાં ૨૭.૫૦ મળી કુલ ૫૬.૯૦ માર્ક્સ મેળવ્યા હતા.

ગાંધીનગર, રાજ્યનું પાટનગર હોવા છતાં, અહીં ઘણા વર્ષોથી ચીફ ફાયર ઓફિસરની જગ્યા ખાલી હતી. આ જગ્યા અત્યાર સુધી ચાર્જથી ચલાવવામાં આવતી હતી. ઓમ જાડેજા નિમણૂક આદેશ મળ્યા બાદ અમદાવાદ ફાયર બ્રિગેડમાંથી ચાર્જ છોડીને ગાંધીનગરમાં નવી જવાબદારી સંભાળશે. તેમને ફાયર બ્રિગેડનો બહોળો અનુભવ છે, જે નવી ભૂમિકામાં ઉપયોગી થશે.




## ગાંધીનગરના વાતાવરણ પલટો:તાપમાન ૨૯ ડિગ્રી નોંધાયું, ૪ દિવસ કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગરમાં આજે સવારે તાપમાન ૨૯ ડિગ્રી નોંધાયું છે. બપોર સુધીમાં તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. ભેજનું પ્રમાણ ૪૭ ટકા રહેવાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ૪ દિવસ માટે ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે. ૮ મે સુધી રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી થવાની શક્યતા છે. રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સર્જાઈ શકે છે.



ગઈકાલે શનિવારે રાતે ગાંધીનગરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. મધરાતે માણસા પંથક સહિતના કેટલાક વિસ્તારમાં કમોસમી માવઠું થયું હતું. આ કારણે તાપમાનનો પારો ૩ થી ૫ ડિગ્રી નીચે ગયો હતો. રવિવારે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર રાજ્યમાં ઉનાળાની મોસમ જામી રહી છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે માવઠાની અસર હેઠળ ગરમીનું જોર ઘટ્યું છે. તાપમાનના પારામાં વધઘટ નોંધાઈ રહી છે.

## ૨ રૂપિયાના ભ્રષ્ટાચારના કેસમાં ૨૦ વર્ષે સુપ્રીમ કોર્ટનો ચુકાદો, પુરાવાના અભાવે સ્ટેમ્પ વેન્ડર નિર્દોષ મુક્ત

સુપ્રીમ કોર્ટમાં માત્ર બે રૂપિયાના ભ્રષ્ટાચારનો એક મામલો પહોંચ્યો હતો. બે દસકા પહેલા વર્ષ ૨૦૦૩માં સ્ટેમ્પ પેપર માટે માત્ર બે રૂપિયા વધુ લઈ લીધા હતા, જે બદલ તેની સામે ભ્રષ્ટાચારનો કેસ થયો હતો અને ટ્રાયલ કોર્ટે ૨૦૦૮માં સજા આપી હતી, હાઈકોર્ટે પણ સજા યોગ્ય ઠેરવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ સજાને રદ કરીને આરોપીને મૂક્ત કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ એ સવાલ ઉપસ્તિત થયો હતો કે શું સ્ટેમ્પ વેન્ડર જાહેર કર્મચારી કહેવાય? અને તેની સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે? સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, 'સ્ટેમ્પ વેન્ડર પબ્લિક સર્વન્ટ કહેવાય, જો કે બે દસકા જુના આ કેસમાં સ્ટેમ્પ વેન્ડરને બે રૂપિયા લાંચ તરીકે લેવા બદલ ટ્રાયલ કોર્ટ દ્વારા જે



સજા અપાઈ હતી તેને રદ કરી દીધી હતી. આ ઘટના જનકપુરીની સબ-રજિસ્ટ્રારની ઓફિસમાં ૯ ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ સામે આવી હતી. એક સ્ટેમ્પ વેન્ડરે ૧૦ રૂપિયાના સ્ટેમ્પ પેપરના રૂ. ૧૦ ના બદલે ૧૨ રૂપિયા માગ્યા હતા. તેને કેમિકલ લગાવેલી ચલણી નોટો અપાઈ હતી, બાદમાં ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ તેની ધરપકડ કરાઈ હતી અને પીસી કાયદા હેઠળ કાર્યવાહી થઈ હતી. વર્ષ ૨૦૦૮માં ટ્રાયલ કોર્ટે તેને પબ્લિક સર્વન્ટ ગણાવી દોષિત ઠેરવી એક વર્ષની કેદ અને એક હજાર રૂપિયાનો દંડ કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટને મામલાનો નિકાલ કરવામાં ૬ વર્ષ લાગ્યા હતા અને સજાને યોગ્ય ઠેરવી હતી.

## રોજગારીની શોધમાં આફ્રિકા ગયેલા ૫ ભારતીયોનું બંદૂકની અણીએ અપહરણ, ૧૦ દિવસે પણ કોઈ ભાળ ન મળી

ઝારખંડના ગિરિડીહ જિલ્લાના બગોદર ગામના પાંચ યુવકો નોકરી કરવા માટે આફ્રિકાના નાઈજર દેશ ગયા હતા, જ્યાં તેમનું અપહરણ કરવામાં આવ્યું છે. એક નાઈજર સરકાર વિરોધી જૂથે એકાએક એમના કેમ્પ પર હુમલો કરીને બંદૂકની અણીએ તેમનું અપહરણ કરી લીધું હતું. આ યુવકો 'કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ'ની ટ્રાન્સમિશન લાઈનમાં કામ કરતા હતા. અપહરણની ઘટના ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બની હતી.ઝારખંડના જે પાંચ કામદારોનું અપહરણ થયું છે, તેમાં રાજુ મહતો, ચંદ્રિકા મહતો, ફાલજીત મહતો, સંજય મહતો અને ઉત્તમ મહતો સામેલ છે. જો કે, કુલ છ લોકોનું અપહરણ થયું છે, પરંતુ પાંચ ભારતીયોમાં એડમ નામના એક નાઈજર નાગરિકનો પણ સમાવેશ થાય છે. અપહરણની ઘટના નજરે જોનારા અન્ય ભારતીય કામદારોનું કહેવું છે કે, 'એ ઘટના બિલકુલ ફિલ્મોમાં બતાવે છે એવી હતી. ૭૦-૮૦ જેટલી મોટરસાઈકલો પર સવાર અંદાજે ૧૦૦ જેટલા અપહરણકર્તાની ટોળકીએ અમારી છાવણી (કેમ્પ) પર હુમલો કર્યો હતો. જીવ બચાવવા માટે અમે કંપનીની બસમાં બેસીને ભાગ્યા તો તેમણે અમારો પીછો કર્યો. બસ ઝડપથી ભગાવવાના ચક્કરમાં અમારી બસ રેતીમાં ફસાઈ ગઈ હતી. અમે બસમાંથી ઊતરીને જે તરફ ભાગી શકાય એ તરફ ભાગ્યા. અમે ગટરમાં ઉતરીને છુપાઈ ગયા અને અમારો જીવ



બચાવ્યો. અપહરણકર્તાઓ અંધાધૂંધ ગોળીબાર કરતા હતા.' કમનસીબે ઉપર જણાવ્યા એ પાંચ ભારતીયો ઝડપાઈ ગયા હતા અને એમને બંદૂક દેખાડીને મોટરસાઈકલ પર બેસાડીને ઉપાડી જવાયા હતા. ભારતીય કામદારોનું અપહરણ કરાયાને દસ દિવસ થઈ ગયા હોવા છતાં તેમનો કોઈ પત્તો નથી લાગ્યો, જેને લીધે કામદારોના ભારતમાં રહેતા પરિજનો અનિચ્છનીય ઘટના બન્યાના ભયમાં જીવી રહ્યા છે. તેઓ સતત ભારતના વિદેશ ખાતાને વિનંતી કરી રહ્યા છે કે તેમના પરિજનોને બચાવીને સુરક્ષિત ભારત પરત લાવવાના નક્કર પ્રયાસ કરવામાં આવે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને પણ કામદારોને મુક્ત કરવામાં મદદ કરવા માટે વિદેશ મંત્રી એસ. જયશંકરને વિનંતી કરી છે.

તંત્રી લેખ....

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડાની આશા વધી

ક્રૂડ ઓઈલ ૬૦ ડૉલર પ્રતિ બેરલથી નીચે આવી ગયું છે. આવી સ્થિતિમાં ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની આશા વધી છે. ક્રૂડ ઓઈલના ભાવ ઘટવાથી પેટ્રોલ-ડીઝલ સસ્તું થઈ શકે છે. આ વચ્ચે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના રેટ અપડેટ કરી દીધા છે.ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવા છતાં દેશમાં ક્યાંય પણ પેટ્રોલ-ડીઝલના રેટમાં કોઈ ફેરફાર થયો નથી. આજે પણ ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ પોર્ટ બ્લેરમાં છે. અહીં પેટ્રોલનો ભાવ ૮૨.૪૬ અને ડીઝલનો ભાવ ૭૮.૦૫ પ્રતિ લિટર છે. જ્યારે દિલ્હીમાં પેટ્રોલ ૯૪.૭૭ રૂપિયા અને ડીઝલ ૮૭.૬૭ રૂપિયા પર સ્થિર છે.ક્રૂડ ઉત્પાદક દેશોના ગ્રુપ ઓપેક‌ એ તાજેતરમાં જ ક્રૂડની સપ્લાઈ વધારવાનો નિર્ણય લીધો છે, જેના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડના ભાવમાં ઘટાડો થયો છે. યુએસ ક્રૂડ ઓઈલ () ના ભાવમાં ૪%નો ઘટાડો થયો. બીજી તરફ બ્રેન્ટ ક્રૂડ ૩.૭૯ ટકા ઘટીને ૫૮.૭૯ ડૉલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. આનો અર્થ એ થયો કે વિશ્વભરમાં ક્રૂડની સપ્લાઈ વધવાથી કિંમતો પર દબાણ આવી રહ્યું છે.એપ્રિલ મહિનામાં દેશમાં ડીઝલની માગમાં લગભગ ચાર ટકાનો વધારો થયો છે.

# સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન સ્કૂલનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૮ ટકા



સુરતની ખાનગી સ્કૂલ સાથે સ્પર્ધા કરતી સુરત પાલિકાની સુમન સ્કૂલનું ધોરણ ૧૨નું પરિણામ સુખદ આશ્ચર્યજનક રીતે વધી રહ્યું છે. આજે જાહેર થયેલા ધોરણ ૧૨ના પરિણામ સુરત પાલિકા સંચાલિત સુમન સ્કુલનું પરિણામ ૯૮ ટકા આવ્યું છે. પાલિકાની સ્કૂલમાં અભ્યાસ કરતા સંચા ખાતામાં કામ કરતા, ગૃહિણી અને માતા-પિતા વિનાના કાકાને ત્યાં રહેતા બાળક સહિત ૭૨ વિદ્યાર્થીઓ છ૧ ગ્રેડમાં આવ્યા છે. સુરત પાલિકા દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાથે સાથે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પણ આપવામાં આવી રહ્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આર્થિક રીતે નબળા વિસ્તારના બાળકો માટે સુરત શહેરમાં કુલ ચાર સુમન હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી છે. હાલ સુરતમાં ગુજરાતી, હિન્દી અને મરાઠી માધ્યમની શાળા ચાલી રહી છે. સુમન હાઈસ્કૂલ ખાતે અદ્યતન ટેકનોલોજીથી આધુનિક ઢબે યોગ્ય ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. સુમન હાઈસ્કુલોમાં વર્ષ ૨૦૨૧ થી ધોરણ ૧૧ અને ૧૨ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં માત્ર ત્રણ વર્ષની અંદર જ એચ.એસ.સી બોર્ડના પરિણામમાં સુમન હાઈસ્કુલ ખૂબ જ અગ્રેસર રહે છે. ૨૦૨૪ દરમિયાન યોજાયેલ એચ.એસ.સી બોર્ડની પરીક્ષામાં સુમન હાઈસ્કુલનું પરિણામ ૯૮ ટકા આવ્યું છે. જેમાં ગુજરાતી માધ્યમનું પરિણામ ૯૭ ટકા, મરાઠી માધ્યમ અને હિન્દી માધ્યમનું પરિણાણ ૯૯ ટકા આવ્યું છે.

# અનુભા, રાજદીપ અને એક યુવતીના ત્રાસથી આત્મહત્યા કરુ છું' રાજકોટમાં અમીત ખૂંટના આપઘાત કેસમાં નવો વળાંક



રાજકોટમાં સગીરાને જ્યુસમાં કેફી પીણું પીવડાવી બેભાન કરીને તેના પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી હતી. મૂળ સાવરકુંડલાની મોડલિંગ સાથે જોડાયેલી સગીરાએ રીબડાના અમિત ખૂંટ સામે દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે યુવકે દુષ્કર્મના આરોપથી આઘાતમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનો દાવો કરાયો છે. હવે અમિત ખૂંટની સ્યુસાઈડ નોટ સામે આવી છે. જેમાં અનિરુદ્ધસિંહ રીબડા અને રાજદીપસિંહ રીબડાના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.મૃતક અમિત ખૂંટે સ્યુસાઈડ નોટમાં ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. જેમાં ઉલ્લેખ કર્યો છે કે, 'હું અનુભા, રાજદીપ અને એક યુવતીના ત્રાસથી અને દબાણથી આત્મહત્યા કરુ છું.' બીજી તરફ રીબડાના સ્થાનિક અગ્રણી ગોવિંદ સગપરિયાએ અનિરુદ્ધસિંહ જાડેજા પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, અમિત ખૂંટને આપઘાત કરવા માટે જયરાજસિંહ જાડેજાએ મજબુર કર્યો હતો.' સાવરકુંડલાની ૧૭ વર્ષની સગીરા આરોપ લગાવ્યો હતો કે, છેલ્લા બે મહિનાથી તે રાજકોટની એક હોટેલમાં રહેતી હતી અને મોડલિંગ કરતી હતી. આ સમય દરમિયાન તેણે રીબડા ગામના અમીત દામજી ખુંટ નામના પટેલ યુવાન સાથે પરીચય થયો હતો. અને બન્ને અવાર-નવાર મળતા હતા.

# છત્રાલમાં મોટાબાર કડવા પાટીદાર સમાજનું નવું કેમ્પસઃ૩૫ વીઘા જમીનમાં દમ્પુ પટેલ કેમ્પસ અને સમત્વ નેચરોથેરાપી સેન્ટરનું CM દ્વારા લોકાર્પણ





અમદાવાદ-મહેસાણા હાઈવે પર છત્રાલ ગામ નજીક મોટાબાર કડવા પાટીદાર સમાજનું નવું કેમ્પસ કાર્યરત થયું છે. રવિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેમ્પસનું અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નેચરોથેરાપી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.૩૫ વીઘા જમીનમાં વિકસાવવામાં આવેલા આ કેમ્પસનું નામ વડોદરાના દાતા દ્વારકાભાઈ પુંજાભાઈ પટેલના સહયોગથી 'દમ્પુ પટેલ કેમ્પસ' રાખવામાં આવ્યું છે. કડી, કલોલ, ગાંધીનગર અને અમદાવાદમાં વસતા સમાજના લોકો માટે આ કેમ્પસ સમૂહલગ્ન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાશે.કેમ્પસમાં ભાવનપુર અને થોળના દાતા પરિવારના સહયોગથી આધુનિક સમત્વ નેચરોથેરાપી સેન્ટર પણ સ્થાપવામાં આવ્યું છે.

# કલોલમાં મકાન વિવાદ:માતાએ પુત્ર પર લાકડી વડે હુમલો કર્યો, જાનથી મારી નાખવાની ધમકી આપી




કલોલના સંકલ્પ રેસીડેન્સીમાં રહેતા કેયુર દિપકકુમાર જાની અને તેમની માતા શિલ્પાબેન વચ્ચે મકાન ખાલી કરવા બાબતે વિવાદ સર્જાયો છે. મહાદેવવાળા વાસ પાંચ હાટડી બજારમાં રહેતા શિલ્પાબેને પુત્રને મકાન ખાલી કરવા જણાવ્યું હતું.વિવાદ દરમિયાન શિલ્પાબેને લાકડી વડે કેયુર પર હુમલો કરી તેમના હાથ પર ઈજાઓ પહોંચાડી હતી. તેમણે કેયુરને મકાન ખાલી કરવા દબાણ કરતા કહ્યું કે, આ મકાન મારું છે. સાથે જ તેમણે કેયુરને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.ઈજાગ્રસ્ત કેયુરને સારવાર માટે કલોલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સમાજના લોકોએ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સમાધાન શક્ય ન બનતા કેયુરે માતા શિલ્પાબેન વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસે આરોપી માતા શિલ્પાબેન વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# સિંહણ સે સેલ્ફી લે લે રે!!!

એક જૂની વાર્તા છે. શ્રીમંત વ્યકિતને એક પુત્ર હતો. આમ, તો બિગડે બાપ કી બિગડી ઔલાદ હતો. ચાંદી નહી પણ પ્લેટીનમના ચમચા સાથે જન્મ્યો હતો. કામધંધો કરવાની ચિંતા ન હતી. તે અત્યંત સોહામણો એલિજેબલ મોસ્ટ રેટેડ બેચલર હતો! અલબત, પોતાના દેખાવ અંગે અત્યાધિક આત્મમુગ્ધ હતો. કલાકોના કલાક સરોવરની પાળે બેસીને પાણીમાં તેના અપ્રતિમ પ્રતિબિંબને અપલક અને અનિમેષ નજરે મટકું માર્યા સિવાય નિહાળ્યા કરતૌ. મનોમન પોતાના પ્રતિબિંબ પર મોહી પડતો હતો. સવારથી રાત સુધી સરોવર પાળ બેસી રહેતો હતો. પોપટ તો નસીબદાર હતો કે આંબાની ડાળ, સરોવર પાળ બેસતો હતો. કાચી પાકી કેરી ખાતો અને સરોવરનું મધ જેવું મીઠું પાણી પીતો હતો. એટલે ભૂખ્યો કે તરસ્યો ન હતો!!પણ આપણો વાર્તા નાયક ભૂખ્યો પણ રહેતો અને તળાવ તરસ્યો હતો. સાહેબનો અનુયાયી હતો! ખાતો દેતો નથી અને ખાવા દેતો નથી!!છેવટે આત્મ મુગ્ધતાના અતિરેકમાં અવસાન પામ્યો. એટલે જ કહેવામાં આવે છે કે અતિ સર્વત્ર વર્જયતે!!!

મોબાઈલમાં કેમેરાનું ફિચર ન હતું ત્યારે આપણા સૌની બોચી ફોટોગ્રાફર પાસે રહેતી હતી. ફોટો પાડતા પહેલાં મો મોડાસા બાજુ ફેરવો કે મોં માણસા તરફ ફેરવો, હડપચી નીચે રાખો, કેમેરાના લેન્સ પર આંખો ફોકસ કરો, ડાબો ખભો લબડેલ ન રાખો, જમણો ખભો ઊંચો કેમ રાખ્યો છે, ૪૬ અંશ ડીગ્રી મુજબ શરીર રાખો, બહેનને ચીપકીને ઉભા ન રહો, થોડી સભ્યતા રાખો વગેરે પ્રકારની સૂચના આપે.કોઈ પણ પ્રકારના કાળા કામો ન કર્યા હોવા છતાં, કેમેરા પર અને પોતાના પર ગંધાતું કાળું કપડું લગાવીને રેડી વન, ટુ, થ્રી, ફોર ઈસ્માઈલ પ્લીઈઈઈ કહીને સબ મર્શીબલ પંપની ચાંપ પાડતો હોય તેમ ખટાક ખટાક કરીને ફોટા પાડવા માંડે. ક્યારેક ફ્લેશ ગન ફ્લેશ થાય. ક્યારેક ન થાય!! પ્રસંગોમાં તો લોકો સામે ચાલીને ફોટો પાડવાનું કહે તો ખાલી ખાલી ફ્લેશ દબાવે . જેમાં તેણે સ્નેપ ન લીધો હોય. જો કે, જ્યારે આલ્બમ આવે અને જે પાર્ટીએ ફોટો પાડવા કહ્યું હોય અને આલ્બમમાં ફોટો ન દેખાય ત્યારે જનાળામુખીની જેમ ધુંવાફૂંવા થાય અને ગેસના બાટલાની જેમ ફાટીને કકળાટ કરે!! જેના ફોટા ખરેખર પડયા હોય તેને કેવો ફોટો પડ્યો તે જોવાની તાલાવેલી હોય!!! મનમાં ફફડાટ હોય કે ફ્લેશના ઝબકારે પાનબાઈની આંખ મિંચાઈ હોય તો ગાંધારી જેવો ફોટો આવશે અને આ તો પાછી શ્રધ્ધા કુંવારી હોય તો ધૃતરાષ્ટ્રને જાણી જોઈને શું કામ વરે ?? પહેલાના જમાનામાં શ્વેતશ્યામ તસ્વીર એટલે કે ફોટા આવતા. જેમાં લલિતા પવાર અને માલા સિંહા એક જ લાગે.પોલીસ સ્ટેશને ગુમશુદા કે ઈનામી આરોપી જેવો હુલિયો દેખાય!! મુગલે આઝમ બ્લેક એન્ડ વ્હાઈટમાં જુવો અને ઈસ્ટમેન કલરમાં જુએ તો રાજા ભોજ અને ગંગુ તેલીનો ભેદ સમજાય!!એ વખતે લગ્નમાં વરરાજા કે કન્યા કરતાં ફોટોગ્રાફરની આગતાસ્વાગતા વધુ થતી હતી.

મોબાઈલમાં કેમેરા આવ્યા કે ફોટોગ્રાફીનો કોર્સ કર્યા સિવાય કે વ્યવસાયે ફોટોગ્રાફર ન હોય તેવા હાલી મવાલી અઠંગ ફોટોગ્રાફર હોય તેમ ધડાધડ ફોટાનો વરસાદ કરવા માંડ્યા. ફ્રેમના ઠેકાણા હોય નહી, સબ્જેક્ટ આઉટ ઓફ ફોકસ હોય, પર્વતને બદલે એકાદું કાળું ટપકું હોય, નદી તો શોધી મળે નહી!! પાછા કોલર ઊંચા કરી ફોટા-વીડીયો વાયરલ કરે. અરે, તારી ભલી થાય ચમના!! તું ફોટોગ્રાફીની કત્લ ન કરે એ જ ફોટોગ્રાફીની સેવા જ છે!!!

મોબાઈલમાં પાંચ થી પચાસ પિકસલના કેમેરા હોય. ઝૂમ કો દોઢ મીટર થાય. મોબાઈલ કંપની એકને બદલે ચાર કેમેરા આપે પછી થનગનભૂષણો ઝાલ્યા રહે??( જવાબઃ- ઝાલ્યા ન રહે . જવાબ સમાપ્ત થયો!) કોણ જાણે કોણ અને કયાંથી સેલ્ફીનો ઉપાડો લઈ આવ્યા છે?? મોબાઈલના કેમેરાના બટન પર આંગળી કરી -ચાંપ પાડી સેલ્ફી મોડ કરે. મોબાઈલ ઊંચો કરી કેમેરાથી સેલ્ફી પાડે. સુલભ શૌચાલય પણ ન છોડે!! કેનાલમાં પગ ધોવા જાય અને સેલ્ફી લેવા જતા પાણીમાં ગરકાવ થાય. રેલવેના ડબ્બાના છાપરા પર ચડે, છાપરા પર ઉભા થઈ સેલ્ફી લે. કયાં બોગદામાં માથું ભટકાય અથવા ઈલેકટ્રિકના વાયરને અડકે અને ખેલ ખત્મ થાય. ઘણી વખત સેલ્ફી લેવાના પ્રેમમાં પણ કેટલાક લોકો પોતાના જીવને જોખમમાં મુકી દેતા હોય છે.

તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં એક મહિલા બકરી સાથે સેલ્ફી લેતી જોવા મળી રહી છે. બકરીને દોરડાથી થોડેક અંતરે બાંધવામાં આવી છે અને મહિલા તેને જોતા વિવિધ પ્રકારના પોઝ આપી સેલ્ફી લઈ રહી છે. દરમિયાન અચાનક બકરી પાછળથી મહિલા તરફ આવે છે અને તેને ખૂબ જ ઝડપથી શિંગડુ મારે છે.

સેલ્ફીના ચક્કરમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હોય તેવી ઘટનાઓ પ્રકાશમાં આવી છે, તેમ છતાં પ્રવાસન સ્થળો કે કોઈ જાહેર સ્થળોએ સેલ્ફીના ચક્કરમાં લોકો જીવ ગુમાવતા હોયા છે. આવો જ એક કિસ્સો દિવ (દ્વૈ) ના નાગવા બીચ (દ્વક્ષ્ર્ક્ષ્ઠ મીક્ષ્ઠશ્ર્) પાસે સામે આવ્યો છે. જેમાં સેલ્ફી લેવાના ચક્કરમાં યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે.

સાયબર ક્રાઈમે એવા એક આરોપીની ધરપકડ કરી જેણે તેની બહેનની ભાણી સાથે એક પ્રસંગમાં મુલાકાત કરી અને એકતરફી પ્રેમમાં પડ્યો. યુવતી સાથે પડાવેલી સેલ્ફી સોશ્યલ મીડિયામાં વાયરલ કરી લગ્ન બાબતે દબાણ કરતા આરોપી ની ધરપકડ કરાઈ. અમદાવાદમાં રહેતી એક યુવતી તેના મામાના ઘરે કોઈ પ્રસંગમાં ગઈ હતી. જ્યાં તેને મામીના ભાઈ સાથે મુલાકાત થઈ હતી. પ્રસંગ હોવાથી સેલ્ફી અને ફોટો પણ પડાવ્યા હતા. જોકે બાદમાં યુવક આ યુવતીના પ્રેમમાં પાગલ થતા તેને યુવતીની મંજૂરી વગર ફોટો સોશ્યલ મીડિયામાં અપલોડ કરતા મામલો સાયબર ક્રાઈમમાં પહોંચ્યો હતો.

અંકલેશ્વરના સાગબારા ફાટક પાસે. ઝાડ પર લટકી યુવાને આપઘાત કર્યો, ત્યારે લોકો તેની આગળ ઉભા રહી સેલ્ફી લઈ રહ્યા હતા. સોશિયલ મીડિયાની લ્હાયમાં લોકો મોતનો મલાજો પણ જાળવી શક્યા ન હતા. આ ઘટનાની જાણ થતા જ વહેલી સવારે ગ્રામજનો દોડી આવ્યા હતા. દઢાલ ગામના યુવાનેનો મૃતદેહ ઝાડ પર લટકતો જોઈ લોકોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. પરંતુ સોશિયલ મીડિયાના તૂતે મોતનો પણ મલાજો ના જાળવ્યો. તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

સેલ્ફી લેવાના ચક્કરમાં બે યુવકોએ જીવ ગુમાવ્યો છે. સાબરમતી નદીમાં ડૂબી જવાથી બે યુવકોના મોત થઈ ગયા છે. આ યુવકો અમદાવાદથી એક પ્રસંગમાં આગલોડ ગામે ગયા હતા ત્યાં તેઓ સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા તેમાં પડ્યા હતા અને ડૂબી જવાથી તેમના મોત થઈ ગયા

એક મહિલા ઊંટ પાસે ઊભી રહીને સેલ્ફી લઈ રહી છે. પછી ઊંટ તેની પાસે આવે છે અને મહિલા ફોટો ક્લિક કરવાનું શરૂ કરે છે. આ દરમિયાન ખબર નહીં ઊંટને શું થાય છે તે મહિલાના વાળ ખાવા લાગે છે અને તેને પકડીને ખેંચે છે. આ દરમિયાન મહિલા જોરથી ચીસો પાડે છે.

સેલ્ફીના ચક્કરને લગતી ફિલ્મ પણ સેલ્ફીની જેમ ફલોપ થઈ ગઈ છે.

અક્ષયકુમારની એક વધુ એક હિંદી રિમેક 'સેલ્ફી' આજે રિલીઝ થઈ છે. જેમાં તે સુપરસ્ટાર વિજય કુમાર તો ઈમરાન હાશ્મી ઓમપ્રકાશ અગ્રવાલના પાત્રમાં છે. ઓમપ્રકાશ આમ તો વિજયનો મોટો ફેન છે. પણ સમય જતાં દુશ્મન બની જાય છે.

એક શખ્સ ચિત્તાની સાથે સેલ્ફી લઈ રહ્યો છે. પરંતુ થોડી સેકન્ડ બાદ કઈક એવુ થાય છે, જેને જોઈને દરેક યુઝર્સ પરેશાન છે. વીડિયોની શરૂઆત એક ચિત્તાથી થાય છે, જે પર્યટકોથી ભરેલી સફારી જીપ તરફ આગળ વધી રહ્યો છે. વીડિયોમાં તમે આગળ જોશો કે ચિત્તો કૂદીને કારના બોનેટ પર ચઢીને બેસી જાય છે. આ દરમ્યાન ઓપન રૂફમાંથી ચિત્તો અંદર જોવાનો પ્રયાસ કરે છે. આ દરમ્યાન જીપમાં બેઠેલા બધા લોકો ગભરાઈ જાય છે, પરંતુ તેમાં બેઠેલ એક સફારી ગાઈડ તેની બેઠક પરથી ઉઠીને ચિત્તાની સાથે સેલ્ફી લે છે.

દિવસે ને દિવસે સેલ્ફીનો ક્રેઝ વધી રહ્યો છે. દર વર્ષે સરેરાશ ૪૫૦ ફોટોગ્રાફ લેવામાં આવે છે. પરંતુ એક નવો અભ્યાસ તમને તમારા ફ્રન્ટ-ફેસિંગ કેમેરા વડે આટલા બધા ફોટો ક્લિક કરવાથી રોકી શકે છે. યુનિવર્સિટી ઓફ ટેક્સાસ સાઉથવેસ્ટર્ન મેડિકલ સેન્ટરના સંશોધકોએ ખુલાસો કર્યો છે કે સેલ્ફી તમારા ચહેરાને બગાડી શકે છે, જેનાથી તમારું નાક સામાન્ય ફોટા કરતાં લાંબુ અને પહોળું દેખાય છે. યુકેમાં, નાકની શસ્ત્રક્રિયા, જેને રાઈનોપ્લાસ્ટી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કોસ્મેટિક સર્જરીના સૌથી લોકપ્રિય સ્વરૂપોમાંનું એક છે. સંશોધકોના મતે, સેલ્ફીની લોકપ્રિયતા વચ્ચે રાઈનોપ્લાસ્ટીની રિકવેસ્ટ વધી છે.

સેલ્ફી લેવા માટે આંખો વિસ્ફારિત કરવી પડે, મોં બોર્નવીટાના ડબલા જેવું વાંકું કરવું પડે એને ચીંગ બોલીને જ સેલ્ફી લેવી પડે. આમાં ચિંગ મહાશયે ચીની સૈનિકોની માફક કંઈ ધાટીમાંથી ઘુસ મારી છે તેનો કોઈ સર્ટીફાઈડ ઈતિહાસ નથી!!

હમણા એક સેલ્ફી લેવાની દિલધડક ઘટના બની ગઈ!અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના નાના લીલીયાની આજુબાજુ સિંહોની અવરજવર સામાન્ય કહેવાય છે. ગામડાના લોકો સિંહને ભાવ આપતા નથી. સિંહને જનાવર ગણે છે. મૂંછે લીંબુ લટકાડી બહાર ફરતા બંકા બહારોને ઘરવાળી ઘાસ નીરતી નથી તેમ સિંહને ખાસ વેઈટેજ આપવામાં આવતું નથી!

આ વિસ્તારમા એક સિંહ યુગલનો વસવાટ છે. અને અહીથી માલધારીઓ પોતાના માલઢોર લઈને પસાર થતા હતા ત્યારે સાવજે મારણનો પ્રયાસ કર્યો હતો. પરંતુ માલધારીઓએ આ સિંહ યુગલને ખદેડી મુકયુ હતુ. જેને પગલે સાવજ લીલીયા ગારીયાધાર માર્ગ પર આવી ચડયો હતો. આ સમયે અહીથી પસાર થતા એક કાર ચાલકે સિંહને જોઈ પોતાની કાર ઉભી રાખી હતી.

આ યુવાન સેલ્ફી કિંગ હશે.સિંહ સાથે સેલ્ફી પાડવાનો મનસુબો થયો.શાણા માણસો વિચાર કરે અને ડોબાઓ વિચાર કર્યા વગર અમલ કરે છે. સિંહણની પૂર્વ પરવાનગી વગર સેલ્ફી વોરથી સિંહણ ખફા ખફા થઈ. આજ મેરે સનમ ખફા ખફા કયું હૈ? ગીત જેવી સિચ્યુએશન ક્રિએટ થઈ.કાળા માથાનો માનવી સિંહ જેવા વનરાજ સાથે ગુસ્તાખી કરે તે જોયું ગયું નહીં.

સિંહણ યુવાનને સબક શીખવાડવાનું પ્લાનિંગ કર્યું. સિંહણે સેલ્ફી લેવાના શોખીનને કેવી રીતે સેલ્ફીનો પોઝ લેવો તેનું પ્રેકટિકલ જ્ઞાન આપ્યું . સિંહણ યુવકની છાતી પર ચડી ગઈ। સેલ્ફી માટે પરફેકટ સિન ક્રિએટ કર્યો. પેલા યુવાનને કદાચ કહ્યું હશે કે સેલ્ફી લે લે રે સેલ્ફી લે!! પેલા યુવાને સિંહણની ગળામાં હાથ નાંખીને ચીંગ અવાજ કરી સેલ્ફી લેવા યુવાનને ઈજન આપ્યું. આવો સિન કદાચ સિલેબસ બહારનો હતો. ભાઈશાબનં ચડીમાં ચોમાસું થઈ ગયું હશે!! સિંહણે લિપલોક કિસ પણ કરી હશે !!

આ ઘટનાથી હતપ્રભ થયેલ યુવકે તુરત જ કાર મારી મુકી હતી. આ ઘટનામા યુવક ઘાયલ થયો હતો.ઘર જઈને યુવકે સિંહણ સાથે કદી પણ સેલ્ફી ન સેવાનો નિર્ણય કર્યો!!!

ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NOGG SS no 351**
વિષય; આતંકવાદ, આત્મરક્ષણ, આત્મસંરક્ષણ
શીર્ષકઃ નહીં ચાલે
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૯૬

આતંક નો ખોફ હવે નહીં ચાલે,
પુલવામાં હોય કે પહેલગાંવ હવે આતંકી હુમલો નહીં ચાલે.

નિર્દોષ લોકોનો આતંકી મૃત્યુ નહીં ચાલે,
આઘાતજનક, દુઃખદ આતંકી હુમલો નહીં ચાલે.

પરિવાર પર આકસ્મિક હુમલો નહીં ચાલે,
શ્રદ્ધાંજલિ ને અર્પીને રહેવું ચુપ એ આતંકી હુમલો નહીં ચાલે.

સહન કરવાની આઘાતજનક શક્તિ નહીં ચાલે,
સમગ્ર વિશ્વની આત્મા હચમચાવી મૂકે એવો આતંકી હુમલો નહીં ચાલે.

ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરીને નહીં ચાલે,
પ્રભુ પાસે સહન કરવાની શક્તિ માંગીએ એ નહીં ચાલે,
પણ,પ્રભુ પ્રાર્થના હવે આ આતંકી હુમલો નહીં ચાલે.

આતંકને જડમૂળ માંથી ઉખાડી ફેંકી દેવો એવું અભિયાન જોરશોર થી ચાલે.

જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 181**
વિષય " આતંકવાદ, આત્મરક્ષણ , આતમસંરક્ષણ
શીર્ષકઃ "આ કેવો છે આતંક "
પ્રકારઃ પદ્ય  શબ્દોઃ ૮૩

આતંક આતંક આતંક, ભલેને હોય કોઈ રાજા કે રંક
ક્યારે આવશે અંત, આ કેવો છે ઘાતકી આતંક

અંદરનો હોય કે બહારનો છે આતંક? તો છે આતંક
ના જુએ ઉંમર, ના જાત, ના જુએ અમીર કે રંક

ગોવિંદને ગમતો નથી, અલ્લાહ નો પણ અણગમતો
માણસાઈ જ્યાં મરી પરવારે, શું કરવો એવો આતંક

સૌભાગ્યનું સિંદૂર ભૂસાયું, માનવતાનું ભૂલાયું મૂળ
દયા ના રાખી દુશ્મનોએ, કર્યો અણધાર્યો આતંક

દંભી, દેશદ્રોહી ને દ્વેષીલા વિચાર છે એક જાતનો આતંક
સંસ્કાર,સહકાર થકી જો સામનો કરશો તો દૂર થશે આતંક

??સુરમી બધેકા કૌસુમી ?? મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGS S NO. 338**
વિષય - આતંકવાદ - આત્મરક્ષણ
શીર્ષક :- માનવતા નો શત્રુ આતંકવાદ
પ્રકાર- ગદ્ય શબ્દસંખ્યા- ૧૫૮

આતંકવાદ એટલે કે ત્રાસવાદ ને કોઈ ધર્મ નથી હોતો આતંકવાદી માનવતાને નેવે મૂકી દે છે . એ વિકૃત - હિંસક માનસ ધરાવે છે માનવતાનો શત્રુ જ હોય છે એમ કહેવું ઉચિત છે. નિર્દોષના ઘર ઉજાડવામાં તેમના આનંદને લૂંટવામાં એ છૂપો આનંદ માણે છે . . . માણસ નામ પર કલંક એટલે આતંકવાદી . આવા લોકોને એમના કાળા કૃત્ય નો બદલો મળવો જ જોઈએ. . સત્તાસ્થાને બેઠેલા મહાનુભાવો એમને જંપીને બેસવા ન દે, વીણીવીણી ને ઠાર કરે તે જ યોગ્ય છે. . જીવો અને જીવવા દો એવું બધા ધર્મ શીખવે છે પણ આ મંત્રને ભૂલી ચોમેર આતંકનું સામ્રાજ્ય ફેલાવતા ત્રાસવાદીઓ બીજાની સાથે પોતાનું જીવવું ઝેર બનાવે છે. નિર્દોષને મારનારાને તો પરલોકમાં પણ શાંતિ નથી મળતી . પણ આવું સમજનારા નિર્દોષની હત્યા કરે ખરા ? એમનો એક જ સિદ્ધાંત હોય છે "બસ મારો કાપો લોહીની નદીઓ વહેવડાવો "- માનવ નો ધર્મ ભૂલી જંગલરાજ નો કાયદો કે જ્યાં બળિયાના બે ભાગ દ્વૈક્ષરૈ જ ઈૈક્ષરં હોય . શું આનંદ મળતો હશે. આ આતંકવાદીઓને આમ નિર્દોષોનાં લોહીની નદી વહેવડાવવામાં ? એમને માટે ફાંસીની સજા જ યોગ્ય છે. . . નિર્દોષ લોકોની હાય તો એમના જીવનને નષ્ટ મૃતઃપ્રાય કરી નાખે પણ કાયદાના રક્ષકો જ પ્રજાનું રક્ષણ કરી પ્રજાને નિર્ભય બનાવી શકે. જો એમને મૃત્યુદંડ મળે તો જ મૃતકોના પરિવાર ને શાંતિ મળે .

★નિહારિકા અંજારિયા - નેહા★ ★આદિપુર - કચ્છ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-23.**
વિષયઃ આતંકવાદ,આત્મ રક્ષણ,આત્મ સંરક્ષણ.
પ્રકાર - પદ્ય.   શબ્દ સંખ્યા -૧૧૨.
શીર્ષક -
" આતંકવાદ ને જવાબ"

સાધુ વેશે કરે સીતા હરણ એ છે આતંકવાદ .
પછી લંકા દહન, રાવણ કુળ સર્વનાશ છે જવાબ .
થાય સભા મધ્યે દ્રૌપદી ચીર હરણ, એ છે આતંકવાદ. પછી કુરુક્ષેત્રે મહાભારતે ગૌરવ કુળ નાશ છે જવાબ. શ્રીકૃષ્ણને પણ આપે સો સો ગાળ શિશુપાળ.
પછી ફરે સુદર્શન ,
કપાય શિશુપાલ છે જવાબ.
ચંડોળા તળાવે વિદેશી
પેશકદમી દારૂ ડ્રગ્સ વેપાર.
પછી ફરી વડે સો સો બુલડોઝર એ છે જવાબ. પહેલગામ નો નર સંહાર છે અધર્મ અને આતંકવાદ. જાગે જનતા, જાગે સરકાર હવે તો યુદ્ધ એ જ કલ્યાણ. ઇઝરાયેલ ની જેમ લશ્કરી તાલીમ લઈ દરેક નાગરિક બને સૈનિક.
દેશના ગદ્દારોને પાડો ખુલ્લા એ જ છે યુગ ધર્મ. આતંકી ચંડમુંડ, મહીસાસુર સામે મહાકાલી શક્તિ જાગે. સરકાર અને સેના ખોલે ત્રીજું નેત્ર આતંકવાદી ભાગે

- દેવેન્દ્ર આચાર્ય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય -આતંકવાદ, આત્મરક્ષણ ,આત્મસંરક્ષણ.
શીર્ષક - એ આતંક
પ્રકાર - પદ્ય, સંખ્યા - ૬૦.
......................................
આતંકવાદનો અવાજ ગૂંજતો, આતંકની રીત જૂની વર્ષો પહેલાંની,
સૌ થયા સ્તબ્ધ જુઓને જોઈને,
આજે કેટલાની નિર્દોષ માનવ હોમાયા...!

ગયાં ફરવાને એક સાથે ,
આ નંબર સંહારને ના ભૂલી શકાય ,
ગ્યાતા ફરવાને આતંકનો હમલો બોલાયો ,
આવો ભેગાં મળીને આતંકવાદી ની સામે ભેળાં મળી લડીએ...!

દુશ્મનોને આતંકવાદને કબરમાં દફનાવી દઈએ,
ક્યારે ખત્મ થશે આતંકવાદીની લડાઈ,
ક્યાં સુધી ડરતાં રહીશું, આતંકવાદીઓને પછાડીએ ચાલોને મળીએ સૌ...!

ઐતિહાસિક આતંકવાદને ખતમ કરીએ..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય- આતંકવાદ
શિર્ષક-કાયરોનું શસ્ત્ર
પ્રકાર -પદ્ય    શબ્દો- ૧૩૮

આતંકવાદનું નામ પડતાં જ,
યાદ આવે પથ્થર સમાં ચહેરા.
ક્રૂરતા, દાનવતા, લોહીમાં જેના ભળી,
જંગલનો ન્યાય ચલાવતાં એવાં મહોરાં.

આ તો છે એક પાશવી સંસ્કૃતિ,
જેની ભાષા ને વ્યવહાર છે તોછડાં.
મારવા- કાપવાના સિધ્ધાંત પર ટકેલી,
જેના સૂત્રધારોના અદૃશ્ય છે થોબડાં.

દહેશત, નર્કનો ખૌફ ને ખુદાની નજરોમાં,
આવવાનું છે ઝનૂન માત્ર.
અબોધ, ધર્મઝનૂની યુવાનોનો,
કરાય છે જેમાં ઉપયોગ માત્ર.

ક્યાંક સ્લીપર સેલ તો ક્યાંક,
જીવિત બોમ્બ એને બનાવાય છે.
કોઈ કંઈ સમજે એ પહેલાં જ,
ખૂની ખેલ આટોપી લેવાય છે.

શિકાર બને છે નિર્દોષ નાગરિકો,
જેને આ કશાયથી નિસ્બત નથી.
ભાગતા ફરે છે એ આતંકવાદીઓ,
જેને તખ્તોતાજ મળે એવી કિસ્મત નથી.

યુધ્ધ લઢી જીતવાની જેની ત્રેવડ નથી,
આતંકવાદ દ્વારા એ દેશને પરચમ લહેરાવવો છે.
આંતરિક પ્રશ્નો પર જીત મેળવવાને બદલે,
આતંકવાદને રાષ્ટ્રવાદમાં ખપાવવો છે.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO : 229**
વિષયઃ સ્વઆત્મસંરક્ષણ , આતંકવાદ
શિર્ષક : સ્વઆત્મસંરક્ષણથી પતનના નરકનો નિષેધ
પ્રકાર : ગદ્ય શબ્દો ૩૨૦

પ્રભુએ સર્વે સજીવોના સર્જન વખતે માત્ર માનવીને સવિશેષ વિવેકબુદ્ધિ,સારા-નરસાનું ભાન કરાવનારી શક્તિ તથા સ્વયં શ્વસન સ્વસંરક્ષણની અનેરી આધીભૌતિક સૂઝ આપેલી છે. આવી આગવી ભેટોનો સદુપયોગ સમયાંતરે સમયસૂચકતાથી જો માનવી કરતો રહે તો ભણતર સાથે જીવન-ગણતર વડે પોતાનું મનુષ્ય જીવન સાર્થક કરી શકે છે.

આદિકાળથી દરેક માનવીને તેના જીવનમાં હકારાત્મક અને નકારાત્મક વિચારોવાળા સમય સંજોગોનો સામનો હંમેશા કર્યા કરવો પડે છે.બાળપણથી માનવી પ્રભુ પ્રત્યે શ્રદ્ધા રાખી સુશિક્ષણ મેળવે, સારી સંગત કરે તો કુટુંબના સંસ્કારો તેમજ સમાજના નીતિ નિયમોનું પાલન કરીને જે તે દેશના આદર્શ નાગરિક તરીકે જીવન જીવી શકે છે.જોકે પોતે શું સ્વીકારવું? તે પસંદગી તેણે પોતે જ કરવી પડે છે.

સામાન્ય રીતે દરેક માનવીનું જીવન પ્રભુકૃપાથી તેની નિર્ધારિત દિનચર્યા પ્રમાણે રોજબરોજના કાર્યક્રમો પ્રમાણે ચાલતું હોય છે.પરંતુ કોઈ નબળી ક્ષણમાં કળિયુગના પ્રભાવ હેઠળ સ્વમાન નેવે મૂકીને કૂળની પરંપરાઓ અંગે આકસ્મિક ભાન ભુલાવે તો જાણે-અજાણે કુકર્મ કરાવે તો તેનું ભાવી અંધકારમય નરકમાં ધકેલાઈ જાય છે. તેથી જ તો સદાય આભાર - નિહારીકા રવિયા સજાગ રહીને આતંકવાદી બનાવોને દરેકે સખ્તાઈથી ટાળવા.

જ્યારે લોભી,ભાન ભૂલેલી અને લક્ષ્મણરેખા ઓળંગનારી વ્યક્તિ અધર્મીને માયાજાળમાં ફસાઈ જાય છે ત્યારે કુકર્મી શેતાન પોતાના છેતરામણા મધ-મીઠા વાક્ચાતુર્યથી પટાવી-ફોસલાવીને કલંકિત કામો કરાવી લે છે.શરૂમાં સ્વાર્થી,પ્રાથમિક તબક્કાના ગેરકાયદેસર અને આખરે દેશદ્રોહી બનાવીને આતંકી કુકર્મોમાં કરાવતા પણ નરાધમો અચકાતા નથી.

દરેકે "રોગ અને દુશ્મનને ઉગતા જ ડામવા "- એ કહેવત પ્રમાણે જ કરવું જોઈએ.કોઈની માયાજાળમાં ન ફસાતા સ્વધર્મ, સત્કર્મ અને સદવિચારોયુક્ત જીવન જીવવું જોઈએ .ભલે કુકર્મી આતંકવાદીઓ , સમાજના દુશ્મનો અને લંપટધુતારાઓ ટૂંકા ગાળાનું પ્રલોભન ,પ્રશંસા કે ભેટ સોગાદોથી આપણા તન,મન, અને આત્મારૂપીઝમીરને ખરીદવા માંગે તો પણ તેવી કોશિશ ને નિષ્ફળ બનાવી દેવી.

તેમના પ્રયાસોને વિવેકબુદ્ધિથી ઓળખીને દરેકે પોતાના સ્વઆત્મરક્ષણ કરી જાતને ખોટા વેચાણથી બચાવવું.વળી સ્વવિવેકથી જીવીને આત્મ સંરક્ષણ સચવાય,કુટુંબ,સમાજ અને દેશનું ભલું થાય સાથેસાથે કુકર્મીઓની મેલી મુરાદના શિકાર ન બની જવાય ....!!! તેનું ધ્યાન રાખવું અને સત્કર્મના માર્ગે સજાગ જીવન જીવવું. આમ કરવાથી કર્મના સિદ્ધાંતનું પણ ગીતાના ઉપદેશ પ્રમાણે આપોઆપ પાલન થઈ જાય છે.

★લેખક - "પ્રપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.. 187**
વિષયઃ આતંકવાદ.
શીર્ષકઃ દૂષણને ડામવુ પડે.
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૪૩

આતંકવાદના દૈત્યને હણવો પડે છે.
જેમ માતેલાં સાંઢને નાથવો પડે છે.

માનવતાની ભાષા હોય માનવ સાથે.
પ્રેમની ભાષા ના હોય ક્રૂરતા પાસે.

કંસને માર્યો કૃષ્ણએ રાવણને માર્યો રામે.
જરાસંઘ અને દુઃશાસન ગયા એના કરમે
હિંસા, અત્યાચાર, જોરજુલમ ને ક્રુરતા હોયે.
ડામવુજ પડે એને જગતમાં શાંતિ ને કાજે.

રચયિતા : ચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:335**
વિષયઃ— આતંકવાદી
શીર્ષકઃ—ભીતરી આતંક
પ્રકારઃ— ગદ્ય શબ્દોઃ—૨૦૫

શું દુશમન દેશનાં શત્રુ આપણાં દેશમાં આવે ઘુસણખોરી કરે, હુમલાઓ કરી ( લાશોના ઢગલાં ) અને આતંક ફેલાવીને જાય છે એને જ આતંકવાદીઓ કહેવાય ? શું આપણાં જ દેશમાં લોકો આપણી જ આસપાસ ફરતાં આતંકવાદીઓ જેવાં કરતૂતો કરે છે એને તમે ક્યારેય જોયાં છે, ઓળખ્યાં છે ખરાં ? તમારા મિત્રોમાં જ તમારો શત્રુ છુપાયેલો હોય છે. શું તમે ક્યારેય તપાસ કરી છે ખરી ? માનવ જીવનનું શરીર હવા, પાણી અને ખોરાક પર ટકી રહેલું છે શું આ ત્રણેય વસ્તુઓ આપણને શુદ્ધ મળે છે ખરી ? હવા અને પાણી પણ ફેક્ટરીઓના પ્રદૂષણને કારણે આપણને મળે અશુદ્ધ મળે છે. અનાજ, શાકભાજી અને ફળફળાદી પર પણ જંતુનાશક દવાનો છંટકાવ કરી સમયાવધિ પહેલાં એનો એને પકવવામાં આવે છે, જે લોકોનાં આરોગ્ય માટે માટે ખુબજ નુકશાનકારક હોય છે એ જાણવા છતાં લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આમ, લોકોનાં સ્વાસ્થ્યની સાથે ખૂબ જ ચેડા કરવામાં આવે છે. અનાજ, તેલ જેવાં પદાર્થોમાં પણ ખૂબ જ ભેળસેળ કરવામાં આવે છે, આવા ભેળસેળવાળા પદાર્થો ખાવાથી વ્યક્તિ ઉંમર કરતાં વહેલો નબળો પડી જાય છે અને પોતાનાં મૃત્યુને આમંત્રણ આપે છે.

સૌ પ્રથમ તો આપણે પહેલાં આપણાં ભારતવાસીઓ માટે જે ઈર્ષા, છળ, કપટ કરીએ છીએ એ સઘળું છોડી અને આપણાં પોતાના જ હોવાનો ભાવ પ્રગટ કરીશું, આપણે ખરેખર શત્રુનો હાથ છોડી અને મિત્રતાનો હાથ મેળવશું ત્યારે જ આપણે આતંકવાદી સામે લડી શકીશું...

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★આતંકવાદ★
શીર્ષક-“ ★આવો જાનલેવા આતંકવાદ ક્ષમ્ય નથી★ ”
પ્રકાર-ગદ્ય  શબ્દ- ૩૪૫

છેલ્લા કેટલાંક વર્ષોથી આખું વિશ્વ અવારનવાર આતંકવાદી હુમલાઓનો સામનો કરી રહ્યું છે. એ સાબિત થઈ ચૂક્યું છે કે વિશ્વભરમાં આવા આતંકવાદી હુમલા ઈસ્લામિક આતંકવાદી સંગઠનોના પીઠબળ સાથે થઈ રહ્યાં છે. આમાં કરુણતા એ છે કે આવા આતંકવાદી હુમલા સામી છાતીએ નહીં પરંતુ કાયરતાપૂર્ણ પૂર્વ આયોજન સાથે પીઠ પાછળ કાવતરા કરીને નિર્દોષ નાગરિકો અને જાહેર સંસ્થાઓને લક્ષ્ય બનાવીને રોગીષ્ટ માનસિકતા સાથે કરવામાં આવે છે. જમ્મુકાશ્મીર જેવા ભારતીય માલિકીના પ્રદેશમાં સરહદ પારથી વારંવાર ઈસ્લામિક આંતકવાદી સંગઠનો દ્વારા અંજામ અપાતા આતંકવાદી હુમલામાં નિર્દોષ નાગરિકો જાન ગુમાવતા રહ્યા છે.

૨૨ એપ્રિલ ૨૦૨૫નો એ ગોઝારો દિવસ જ્યારે ભારતીય માલિકીના કાશ્મીરના અત્યંત જાણીતા એવા પ્રવાસન સ્થળ પહેલગામના બાયસરન વેલીમાં હિન્દુ પ્રવાસીઓ ઉપર પાઈન વૃક્ષોથી ઘેરાયેલી આ ખીણમાંથી સંતાઈને આવેલા ગણતરીના ૫ હથિયારધારી ઈસ્લામિક આતંકવાદીઓએ પોતાની પાસે રહેલી એકે-૪૭ અને એમ-૪ કાર્બાઈન જેવી અત્યંત આધુનિક મશીનગનો દ્વારા હિન્દુ પ્રવાસીઓને સીધા લક્ષ્ય બનાવી અંધાધુંધ ગોળીબારીમાં ૨૬ જેટલા નિર્દોષ નાગરિકોને કોઈપણ વાંક વગર સ્થળ ઉપર જ મારી નાખ્યા, જેમાં એક સ્થાનિક મુસ્લિમ પોની રાઈડ ઓપરેટર પણ હતો.

કાશ્મીરની જનતાને રોજગારી મળે અને કાશ્મીરનો સર્વાંગી આર્થિક અને માળખાકીય વિકાસ થાય તેવી ઘણી યોજનાઓ પણ છેલ્લા વર્ષોમાં ભારત સરકારે આકાર આપ્યો હતો જેનો સીધો લાભ કાશ્મીરની જનતાને થઈ રહ્યો હતો. આવા સમયે પહેલગામ હુમલા જેવા આતંકવાદી હુમલાઓથી ન માત્ર વિકાસની પ્રવૃત્તિઓ અસરગ્રસ્ત થશે પરંતુ કાશ્મીરની સુખાકારી માટે પ્રવાસન પ્રવૃત્તિ જે મુખ્ય આર્થિક કરોડરજ્જુ સમાન છે તેને ગંભીર ફટકો પડશે.

શું આવો આતંકવાદ જે ધાર્મિક કટ્ટરતાના નામે નિર્દોષ નાગરિકોના જાન લે તે ક્ષમ્ય છે? પોતાના કથીત મલિન ઈરાદાઓને સીધી રીતે સાકાર ન કરી શકવાની અસમર્થતાને સંતાડીને આવા કાયરતાપૂર્ણ કાર્યોને અંજામ આપનાર પડોશી દેશો જે ઈસ્લામિક આતંકવાદી સંસ્થાઓને શરણ આપે છે કે તેમનું પાલનપોષણ કરે છે તેમણે હવે એ સમજી લેવાની જરૂર છે કે આજના બદલાયેલા સમયમાં ભારત જેવા ધર્મસહિષ્ણુ દેશના નિર્દોષ નાગરિકોને આ રીતે આતંકવાદનો ભોગ બનાવવા એ વાઘની બોડમાં હાથ નાખવા બરાબર છે. તમારે પણ આનાથી કંઈક ઘણી વધુ આર્થિક, રાજનૈતિક અને શારીરિક ખુવારી વિવિધ સ્વરૂપોએ સહન કરવા તૈયાર રહેવું પડશે. ભારતના સાર્વભૌમત્વનું રક્ષણ અને તેના નાગરિકોની સુરક્ષા એ દેશની પ્રથમ પ્રાથમિકતા છે અને રહેશે.

# વેકેશનમાં બાળકો માટે દિવ્ય ધાર્મિક સફર - દેરાસરમાં પક્ષાલ પૂજા અને ઉપાશ્રયમાં શિબિર સાથે પ્રભાવનાનું અનોખું આયોજન

સુરેન્દ્રનગર:

જૈન સોશ્યલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર દ્વારા વેકેશન દરમિયાન શહેરના નાના બાળકોમાં ધર્મની પ્રત્યે શ્રદ્ધા અને સંસ્કારનું સિંચન થાય તે ધ્યેયથી વિશિષ્ટ કાર્યક્રમની રચના કરવામાં આવી છે. દર રવિવારે જુદા-જુદા જીનાલયોમાં પક્ષાલ પૂજા અને તેમજ ઉપાશ્રયમાં શિબિરનું સાથે પ્રભાવનાનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે જૈન સોશ્યલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર અવિરત જીવદયા, સમાજ સેવા અને ધાર્મિક કાર્યો માટે સતત પ્રયત્નશીલ રહે છે ત્યારે આ પેહલા એપ્રિલ મહિના માં પક્ષીઓ માટે કુંડા, ચકલી ઘર અને ચણ નુ વિતરણ તેમજ ૩ અલગ અલગ અલગ



જગ્યા પર પાણીની પરબ સંસ્થા દ્વારા ચાલુ કરવામાં આવી હતી. જ્યારે આ પક્ષાલ પુજાની શુભ પહેલ હેઠળ, તારીખ ૨૦ એપ્રિલથી થી કરવામાં આવેલ અને આ કાર્ય ૨૫ મે ૨૦૨૫ સુધી દર રવિવારના રોજ સવારે નાના બાળકો દેરાસરમાં જઈને ભક્તિભાવપૂર્વક પક્ષાલ પૂજા કરશે. તેમાં ભાગ લેનારા તમામ બાળકોને દાતાશ્રીઓના સહયોગથી મનોહર ગિફ્ટ આપવામાં આવશે, જે તેઓના ઉત્સાહ અને શ્રદ્ધાને બળ આપશે.ગ્રુપના પ્રમુખ શ્રી કુણાલભાઈ બાવિશી તેમજ સેક્રેટરી ગુંજન સંઘવીએ જણાવ્યું હતું કે, "આ શ્રેણીબદ્ધ કાર્યક્રમનો ઉદ્દેશ માત્ર ધાર્મિક પ્રવૃત્તિ કરાવવાનો નથી, પણ બાળકોમાં સંસ્કાર, શિષ્ટાચાર અને શ્રદ્ધાનો અંકુર રોપવાનો છે. બાળકોના આ પવિત્ર પગલાંઓ ધર્મમાર્ગે દૈનિક જીવનમાં પ્રકાશ પાથરે એવી અમારી શ્રદ્ધા છે."આ સમગ્ર આયોજન પાછળ ત્નજીૠ સુરેન્દ્રનગર સિલ્વરની કાર્યકારિ ટીમ સતત પરિશ્રમ કરી રહી છે. બાળકો માટે આ વેકેશનને મનોરંજનથી વધુ મૂલ્યવાન બનાવી દે એવું આ ઉત્કૃષ્ટ કાર્ય ધર્મક્ષેત્રે સકારાત્મક ફુટપ્રિન્ટ છોડશે એ નિશ્ચિત છે.



રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણ લક્ષી યોજનાઓ ની વિગતો સાથે દર મહિને ગુજરાત પાક્ષિક/રોજગાર સમાચાર તેમજ અન્ય સરકારી યોજનાકિય પુસ્તિકા ઓ પ્રકાશિત કરવામાં આવે છે. ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણ લક્ષી યોજનાઓ ની જાણકારી જન જન સુધી પહોંચાડવા ના આશય સાથે, ડાંગ જિલ્લા માહિતી કચેરી આહવા દ્વારા આજ રોજ ધવલીદોડ અને લવચાલી હાટ બજારમાં વિનામૂલ્યે લોકોને પ્રચાર સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહિં લોકોએ પણ પ્રકાશનો મેળવવા અનેરો ઉત્સાહ દર્શાવ્યો હતો.

# ડાંગ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સાપુતારા ખાતે SPC સમર કેમ્પ ૨૦૨૫નો પ્રારંભ કરાયો

આહવા-ડાંગ ડાંગ જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાન તેમજ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાના અધ્યક્ષ સ્થાને આજ રોજ સાપુતારા ખાતે ડાંગ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સાપુતારા ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ તથા જવાહર નવોદય વિદ્યાલય સાપુતારા ખાતે જીઁઝ સમર કેમ્પ-૨૦૨૫નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સમર કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં હકારાત્મક દ્રષ્ટી કોણ ખીલે તેમજ શારીરિક અને માનસિક મજબૂતાઈ કેળવે અને બાળકોમાં શિસ્ત અને તેજસ્વીતા જેવા ગુણો અને દેશભાવનાનુ નિર્માણ થાય સાથે જ તેઓ ઉમદા નાગરિક બને તે હેતુથી ડાંગ જિલ્લા પોલીસ દ્વારા આ સમર કેમ્પ-૨૦૨૫ નુ આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પનું આયોજન તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજથી તા.૧૧/૦૫/૨૦૨૫ સુધી કરવામાં આવેલ છે. જેમાં ડાંગ જિલ્લાની અલગ-અલગ ૦૬ શાળાઓના અંદાજે કુલ ૫૦૦ જેટલાં વિદ્યાર્થી ભાગ લઈ રહ્યાં છે.

# બોટાદ જિલ્લા મઝદુર સંઘ(બી.એમ.એસ)બોટાદનું જીલ્લા અધિવેશન યોજાયું

ભારતિય મઝદુર સંઘ સંલગ્?ન બોટાદ જિલ્લા મઝદુર સંઘનું વર્ષ-૨૦૨૫નું જિલ્લા અધિવેશન બોટાદ જીલ્લા અઘ્?યક્ષશ્રી રાજુભાઇ ડી.ડેરૈયા ના અધ્યક્ષ સ્થાને શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા(રાષ્ટ્રીય અઘ્?યક્ષ,મધ્યાહન ભોજન યોજના સંઘ)તથા શ્રી સમીરભાઇ એચ.જોશી(પ્રદેશમંત્રી,ભારતીય મજદુર સંઘ,ગુજરાત પ્રદેશ)ની ઉપસ્?થિતિમાં તા.૦૪/૦૫/૨૫ને રવિવારના રોજ બોટાદ રેલ્વે સ્ટેશન સામે,યાત્રિક ભવન ખાતે સાંજના ૫-૦૦ કલાકે યોજાયેલ. જેમાં બોટાદ નગરપાલિકા,મઘ્?યાહન ભોજન યોજના,આંગણવાડી, ટેકસપીન બેરીગ્?સ વી. ક્ષેત્રના કર્મચારીઓ હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆત સમીરભાઇ જોશી ધ્વારા શ્રમિકગીતથી કરાવેલ. જીલ્લામંત્રી કુલદીપભાઇ ધાધલ ઘ્?વારા વર્ષ-૨૦૨૪ ની બોટાદ જિલ્લા મઝદુર સંઘની કાર્યવાહીની વિગતો તેમજ ખજાનચીશ્રી ઉદયરાજ ખાચર ઘ્?વારા આવક-ખર્ચના હિસાબો રજુ કરેલ.

શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ ભારતીય મજદૂર સંઘ ના ૭૦ વર્ષની ઉજવણી અંતર્ગત વર્ષ દરમિયાન થયેલા વિવિધ કાર્યક્રમોમાં સંનિષ્ઠ કાર્યકર્તાઓએ પદ નહિ પણ કાર્યકર તરીકે નિષ્ઠાથી કાર્ય કર્યુ જેના ફળ સ્વરૂપે ભારતીય મજદુર સંઘના સ્?થાપના દિવસ ૨૩ જુલાઇ-૨૦૨૪ના રોજ ગુજરાતના ૧૦૦૦૦ થી વધારે ગામોમાં બીએમએસ ઘ્?વજારોહણ કાર્યક્રમ થકી ૧૬ લાખથી વધારે ગ્રામીણજનોનો સંપર્ક અને ૨૮ ઓગષ્ટ થી ૩૧ ઓગષ્ટ-૨૦૨૪ દરમ્?યાન ગુજરાતની શાળા-કોલેજોના પાંચ લાખથી વધુ વિધ્યાર્થીઓને પર્યાવરણ બચાવો અંતર્ગત પાંચ સુત્રીય સંકલ્?પ લેવરાવવામાં આવેલ. જે બંને કાર્યક્રમો વર્લ્ડ રેકર્ડ ઓફ ઇન્ડીયામાં સ્થાન પામેલ હોવાની વિગતો તેમજ વર્લ્ડ રેકોર્ડ અને જીનીયસ ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે પણ ભારતીય મજદુર સંઘની કાર્યશૈલીથી રાષ્ટ્ર,સમાજ અને વિશાળ માનવ જીવનને શું મળ્યું એના માપદંડોના આધારે જીનીયસ એચીવર્સ એવોર્ડનું સન્માન તા.૦૩/૦૫/૨૫ ના રોજ મળેલ હોવાની વિગતોની જાણકારી આપેલ.

અને વર્લ્ડ રેકર્ડ ઓફ ઇન્ડીયામાં સ્થાન પામેલ આ બંને કાર્યક્રમોમાં બોટાદ જીલ્લા ધ્વારા થયેલ કામગીરીને અનુલક્ષીને ભારતીય મજદુર સંઘના પ્રદેશમંત્રી અને બોટાદ જીલ્લા પ્રભારી સમીરભાઇ એચ.જોશી,જીલ્?લા અઘ્?યક્ષ



રાજુભાઇ ડેરૈયા તથા જીલ્?લા મંત્રી શ્રી કુલદીપભાઇ ધાધલ ને સર્ટિફિકેટ એનાયત કરતાં જણાવેલ કે આ બન્ને કાર્યક્રમોને સફળ બનાવવા જે કોઇ કાર્યકર્તાઓએ નિષ્ઠા પૂર્વક જવાબદારી,ફરજ નિભાવી છે એવા ભારતીય મજદૂર સંઘના તમામ કાર્યકરોને અભિનંદન આપતા જણાવેલ કે જેની મહેનત થકી આ બંને રેકર્ડ તેમજ એવોર્ડ થી ભારતીય મજદુર સંઘને જે સન્?માન મળેલ છે તે સન્?માન આવા નિષ્?ઠાવાન તમામ કર્મચારીઓનું સન્માન છે.

શ્રી રાજુભાઇ ડેરૈયા દ્?વારા વિવિધ વિભાગો, ઉદ્?યોગોના વધુને વધું કામદારોને ભારતિય મઝદુર સંઘ સાથે જોડવા તેમજ આ સંગઠન મજબુત બને,રાષ્?ટ્રહિત સાથે દેશના શ્રમિકોના હિતને લગતી કામગીરીમાં વધારો થાય તે જવાબદારી દરેક કાર્યકરને સ્વીકારવા અપીલ કરેલ.



ગ્લોબલ કપોળ વિકાસ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી, અમેરિકા, હિતેન ભુતાને અમેરિકાના ફ્લોરિડામાં ટેમ્પા પર ખાતે ઈન્ડો યુએસ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા એનાયત થયેલા લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવૉર્ડ બદલ ખુશી વ્યક્ત કરતા તેમનું સન્માન કરવા કાંદિવલી મહાવીરનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગ્લોબલ કપોળ વિકાસ ટ્રસ્ટના પ્રોજેક્ટ ડિરેક્ટર મુકેશ મહેતા, કપોળ યુવક મંડળના પ્રમુખ હર્ષદ મોદી, સૌરાષ્ટ્રમાંના પ્રોજેક્ટ ડિરેક્ટર નિરંજન શેઠ, મેટ્રિમનીનાં ડિરેક્ટર અલકા મહેતા, ટૂર ડિરેક્ટર ફાલ્ગુની દોશી, ગિરીશ જોગી, રમેશ પડિયાર, મુકુટ ઠક્કર, નીલેશ ચિતલિયા વગેરે હાજર રહ્યા હતા.

# કલોલ કેન્દ્રનું ધોરણ ૧૨નું પરિણામ જાહેર:સામાન્ય પ્રવાહમાં ૯૧.૭૮%અને વિજ્ઞાન પ્રવાહમાં ૮૫.૧૯%પરિણામ




ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનાં પરિણામો જાહેર કર્યા છે. કલોલ કેન્દ્રમાં સામાન્ય પ્રવાહમાં ૯૧.૭૮%અને વિજ્ઞાન પ્રવાહમાં ૮૫.૧૯ % પરિણામ નોંધાયું છે.કલોલ તાલુકાની બે શાળાઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સામાન્ય પ્રવાહમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવા અને શ્રી વાસુદેવ વિદ્યાલય જામળાએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં હીરા માણેક રાજપુરવાળા કન્યા વિદ્યાલય કલોલે ૯૧.૩૦ ટકા સાથે ગ્રાન્ટેડ શાળાઓમાં સૌથી વધુ પરિણામ મેળવ્યું છે.આ સ્કૂલ ૪ વિધાર્થીઓ સામાન્ય પ્રવાહમાં છ વન ગ્રેડ મેળવ્યો છે જેમાં ૯૫. ટકા સાથે પટેલ હેલી જીતેન્દ્રકુમાર મેળવ્યો છે.

# મેટ્રો રેલની કામગીરીને કારણે માર્ગોની ફૂટપાથને નુકસાન

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન એક યા બીજા કારણસર સતત થતા ખોદકામ અને ખાસ કરીને મેટ્રો રેલની કામગીરીને કારણે માર્ગોની સાથે ફૂટપાથની સ્થિતિ પણ કંગાળ બની ગઈ છે. શહેરના મોટાભાગના માર્ગો પર ફૂટપાથમાં ગાબડાં પડેલા જોવા મળે છે. મેટ્રોની કામગીરી પુરી થઈ ગઈ છે તે રોડની સાથે ફૂટપાથનું કામ પણ હાથ ધરવામાં આવે તેવી માંગણી લોકોમાં પ્રવર્તી રહી છે.ગાંધીનગર શહેરમાં માર્ગો અને સર્કલોની સાથે ફૂટપાથની જાળવણીનું કામ લાંબા સમયથી વિસરાયું છે. ખાસ કરીને મેટ્રો રેલની કામગીરીને કારણે ટ્રેક પસાર થતો હોય તે તમામ માર્ગો પરની ફૂટપાથને વ્યાપક નુકસાન થયું છે. શહેરમાં સૌપ્રથમ ઘ- ૫ થી સર્કિટ હાઉસ તરફના માર્ગ પર ફૂટપાથનું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તબક્કાવાર શહેરના વિવિધ માર્ગો આસપાસ ફૂટપાથ બનાવવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગોની સાથે સેક્ટરોના આંતરિક માર્ગો- રીંગ રોડ પર પણ વોકવે- ફૂટપાથ બનાવવામાં આવી છે. શહેરમાં અંદાજે ૯૫ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફૂટપાથ બની છે.

# અકસ્માત અટકાવવા સૂચના:નર્મદા કેનાલથી ભાટ સુધી ડાયવર્ઝન પુલ પર ક્રેશ બેરિયર લગાડાશે

ભાટ સર્કલ પર બંધાઈ રહેલા આઈકોનિક કેબલ સ્ટેડ ઓવરબ્રિજના બાંધકામ માટે રોડને બંધ કરવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ જતા અને આવતા વાહનો માટે બન્ને બાજુએ બાંધવામાં આવેલા પુલ પર ક્રેસ બેરિયર લગાડવા સુચના અપાઈ છે. પુરપાટ દોડતા વાહનો અકસ્માતે નીચે ખાબકી પડે તેવી શક્યતા જણાતા સલામતી વધારવા માટે તાત્કાલિક કામગીરી હાથ ધરાઈ છે.

ગાંધીનગર- એરપોર્ટ અને અમદાવાદના અન્ય વિસ્તારો તરફ જવા માટે દરરોજ ૧ લાખ ઉપરાંત વાહનો આ રસ્તા પરથી પસાર થતા હોવાથી દરરોજ નાના મોટા અકસ્માત અને ટ્રાફિક જામની સમસ્યાના નિવારણ માટે ભાટ સર્કલ પર આઈકોનિક ઓવરબ્રિજની સાથે તેની નીચેથી સિક્સલેન અન્ડરપાસ આપવાની કામગીરી રૂપિયા ૧૨૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને અડચણ ન આવે તે માટે વાહનોને ડાયવર્ટ કરવામાં આવ્યા છે. દરમિયાન સપ્તાહ પહેલાં જ ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે દોડતા વાહનો માટે અલગથી ઓવરબ્રિજની બન્ને બાજુએ ચઢતા અને ઉતરતા પુલ બાંધીને વાહનોને તેની પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. દરમિયાન આ પુલ પર દોડતા વાહનો અકસ્માતનો ભોગ બને તો સીધા નીચે ખાબકી પડે તેવી શક્યતા જોવામાં આવતાં તુરતં જ સુરક્ષા પ્રબંધો કરવાની સુચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી હતી. જેના પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા બન્ને બાજુના પુલ પરની બન્ને બાજુએ ક્રેશ બેરિયર લગાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે ગણતરીના દિવસોમાં પુરી પણ કરી દેવામાં આવશે.


# પાટણના હારિજ હાઈવેથી કતપુર સુધી નવીન ડામર રોડનું કામ શરૂ



પાટણ નગરપાલિકા દ્વારા ૧૫મી નાણાકીય ગ્રાન્ટ હેઠળ હારીજ હાઈવેથી માખણીયાપૂરા અને કતપુર ગામને જોડતો નવીન ડામર રોડ બનાવવાનું કામ શરૂ કરાયું છે.આ રોડ બનવાથી પાટણથી કતપુર કોલેજ સુધી જતાં વિદ્યાર્થીઓને સરળતા મળશે અને ખોડીયાર વીર દાદાના મંદિરે દર્શનાર્થે જતાં ભક્તોને પણ લાભ થશે. વોર્ડના કોર્પોરેટર દેવચંદભાઈ પટેલે વારંવાર નગરપાલિકામાં રજૂઆતો કરી હતી.

# ગુજરાતના ૧૯ એરપોર્ટ પરથી વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોની આવન-જાવન: કુલ ૧.૭૦ કરોડથી વધુ યાત્રીઓએ લીધો લાભ

રાજ્યમાં સૌપ્રથમ વર્ષ ૧૯૭૩થી શેરડી, કપાસ જેવા વિવિધ પાક પર હેલિકોપ્ટર-ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટ દ્વારા હવાઈ છંટકાવની સાથે વિમાન દ્વારા કલાઉડ સીડિંગ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે આજે 'નાગરિક ઉડ્ડયન' વિભાગ તરીકે કાર્યરત છે. આ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય અને આંતરિક હવાઈ મથકોથી અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોએ આવન-જાવન કરી છે. આ સેવાઓ દ્વારા રાજ્યમાં ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં કુલ ૧.૭૦ કરોડ કરતાં વધુ યાત્રિકોએ સફળ હવાઈ મુસાફરી કરી છે. આ ઉપરાંત અંદાજે



૧૦૯.૯ હજાર ટન માલસામાનની પણ હવાઈ માર્ગે હેરફેર કરવામાં આવી હતી. રાજ્યના નાગરિકોને આપાતકાલિન પરિસ્થિતિમાં ખૂબ ઝડપી તબીબી સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ધરાવતા ડૉક્ટર અને આઈ.સી.યુ. સુવિધાઓ સાથે એર-એમ્બ્યુલન્સ સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ ૫૮ એર-એમ્બ્યુલન્સ ફ્લાઇટ કરવામાં આવી હતી, જેમાં ૨૯ ઓર્ગન તથા ૨૯ મેડિકલ ફ્લાઈટ ઓપરેટ કરવાનો સમાવેશ થાય છે. હાલમાં ગુજરાતમાં ૦૪ આંતરરાષ્ટ્રીય અને ૧૫ ડોમેસ્ટિક એરપોર્ટ મળી કુલ ૧૯ એરપોર્ટ સેવારત છે. જેમાં રૂ. ૩,૪૦૦ કરોડના ખર્ચે સુરત ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેમજ રૂ. ૩૯૪ કરોડના ખર્ચે ડિસામાં એરફોર્સ સ્ટેશનના રન-વેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ. ૧,૪૦૫ કરોડના ખર્ચે રાજકોટમાં હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.